## તંત્રી સ્થાનેથી......

કોઈપણ ઋતુના સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે આ સમયે બિમાર થવાની શક્યતાઓ પણ વધી જાય છે ત્યારે ખાસ કરીને વર્ષાઋતુ દરમિયાન શું કાળજી રાખવી જોઈએ અને શું કરવું-શું ના કરવું એ સંદર્ભે આયુષ નિયામકશ્રી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે જેને અનુસરી રોગમુકતરહેવા સૌને અનુરોધ પણકરાયો છે. આયુષ નિયામકશ્રીની કચેરી દ્વારા જણાવ્યાયનુસાર ભારતીય સંસ્કૃતિ મુજબ ચાતુર્માસની શરૂઆત થઈ ગઈ છે, એટલે કે સામાન્ય ભાષામાં ચોમાસાની ઋતુની શરૂઆત થઈ છે. વરસાદની આ ઋતુમાં વાતાવરણ મનમોહક હોય છે પણ આજ સમય હોય છે કે જેમાં નાની મોટી બિમારીના લીધે દવાખાના ઉભરાતાહોય છે,જેનું સાચુંકારણ વર્ષાઋતુમાં શું શુંકરવું તેની યોગ્ય જાણકારીનો અભાવ હોય છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની આયુષ કચેરી દ્વારા વર્ષાઋતુમાં શું ખાવું? શું ન ખાવું એ માટે જાણકારી આપતમં જણાવાયું છે કે, આ ઋતુમાં પાચન શક્તિ નબળી પડે છે. વાદળો અને ભેજને કારણે શરીરમાં અસંતુલન થાય છે, જેના લીધે રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થાય છે, સામાન્ય રીતે આપણે ખોરાકમાં કાયમ લેતાંહોઈએ તે ખોરાક આ ઋતુમાં પણ લઈએ છીએ, પરંતુ વર્ષાઋતુમાં પાચનશક્તિ નબળી હોવાના લીધે ખોરાકને બરાબર પચાવી ના શકવાને કારણે વિવિધ નાની- મોટી બિમારી અને સમસ્યાઓ ઊભી થાય છે. એટલે જ મોટાભાગના ધાર્મિક તહેવારો-ઉપવાસ- નિયમો આ ચાર મહીનામાં જ આવે છે, અને ઉપવાસ અને અન્ય નિયમોના લીધે આપણે સંસ્કૃતિના પાલનની સાથે સાથે આપણી તંદુરસ્તીની પણ જાળવણી કરી લઈએ છીએ અત્યારે આમ તો ચોમાસાની શરૂઆત હોવાથી આ સમય ઋતુસંધિકાળ ગણાય એટલે કોઈપણ ઋતુ સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે. અને આ સમયે બિમાર થવાની શક્યતાઓ વધી જાય છે

તો આ સમયે શું કરવું ??? ચોમાસામાં તંદુરસ્ત રહેવા માટે બહારનો ખોરાક, મેંદા વાળો ખોરાક જેમ કે પિત્ઝા, પાંઉભાજી, દાબેલી વગેરે અને વાસી ખોરાક ન ખાવાં. જયારે પાણી ઉકાળીને પીવું.હળદર એએન્ટિ-ઈન્ફલેમેટરી ગુણધર્મ ધરાવે છે એટલે આયુષ મંત્રાલય, ભારત સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ એક ચમચી હળદર રોજ રાત્રે ગરમ દૂધ સાથે લેવી અથવા હળદરવાળું દુધ પીવું જયારે તુલસીનાં ૧૦-૧૨ પાંદડાં અને ચપટી સૂંઠ સાથેનો ઉકાળો પીવો.સાકર, સંચળ, મરી નાંખીને બનાવેલ તાજા લીબુંનું શરબત રોજ પી શકાય કારણ કે લીબુંથી પાચનશકિતમાં વધારો થશે અને લીંબુમાં વિટામિન સી હોવાથી તે આપણી રોગપ્રતિકારક શક્તિને જાળવી રાખવામાં મદદ કરે છે. આ અંગે વધુ માહિતી માટે ગુજરાત સરકારની આયુષની **website https://ayush.gujarat.gov.in/** પર મુલાકાત લઈને રોગમુકત રહેવા અપીલ કરવામાં આવી છે.


# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમ



કમ્લમ દૈનિક,

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમ નખત્રાણા મધ્યે સસ્તા અનાજ ની દુકાને યોજવામાં આવ્યું હતું જેમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના ઈન્ચાર્જ અને પૂર્વ ધારાસભ્ય શ્રી રમેશભાઈ મહેશ્વરી એ સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યુ અને આ યોજનાનું વધુ માં લાભ મળે અને આ યોજનાની ગરીબ સુધી પહોંચે તેની જવાબદારી મળી છે તે નિષ્ઠા થી નિભાવવાનું આપ્યો કોલ તથા કચ્છ જિલ્લાપંચાયત ના પ્રમુખ શ્રીમતિ પારૂલબેન કારા એ પ્રધાનમંત્રી ગરીબકલ્યાણ અન્નયોજનાનું લાભ વધુમાં વધુ લાભ મળે તેવું આહવાન ક્યુ. અબડાસા ના ધારાસભ્ય શ્રી પ્રધુમનસિહ જાડેજા એ ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા અને નવા રેશનકાર્ડ બનાવવા .તથા પ્રધાન મઁત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત લાભાર્થીઓ ને મફત રાશન કીટ નું વિતરણ કરવા મા આવશે જેમાં કચ્છ જિલ્લાપંચાયતના પ્રમુખ શ્રીમતિ પારૂલબેન કારા,અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રધુમનસિહ જાડેજા,જિલ્લાના ઈન્ચાર્જ અને પૂર્વ ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી,સહઈન્ચાર્જ હિતેષભાઈ ગોસ્વામી,જિલ્લા ભાજપના ઉપપ્રમુખપચાણભાઈ સંજોટ,તાલુકાપંચાયતના પ્રમુખ શ્રી જયસુખભાઈ પટેલ, જિલ્લાપંચાયત ના શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી જયાબેન ચોપડા,આરોગ્ય સમિતીના ચેરમેન શ્રી કરસનજી જાડેજા, જિલ્લાપંચાયત સભ્ય શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા,શ્રીમતિ નયનાબેન પટેલ,તા.ભાજપના પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ,મહામંત્રીશ્રીઓ હરીસિહ રાઠોડ,મહેશભાઈ સોની,તાલુકાપંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ સંધ્યાબેન પલણ,કારોબારી ચેરમેન શ્રી મહેન્દસિહ સોઢા,સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતિ લીલાબેન મહેશ્વરી,પૂર્વ પ્રમુખ અ.જા મોરચો સામતભાઈ મહેશ્વરી,કિશાન મોરચાના પ્રમુખ પરૂષોતમ પટેલ,યુવા મોરચાના મહામંત્રી હિતેષાભાઈ,અનુસૂચિત જાતિના મહામંત્રી રવિ નામેરી,તથા પ્રદેશના હોદેદારો,તાલુકા-જિલ્લા પંચાયત સભ્યો તથા તાલુકા સઁગઠન ના હોદેદારો,જિલ્લાના હોદેદારો,મોરચાના હોદેદારો,સંરપચોતથા કાર્યકર્તાઓ ને અને લાભાર્થીઓ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી

## AIIMSના પ્રમુખ ડો. રણદીપગુલેરિયાએ કહ્યું- સપ્ટેમ્બર સુધીમાં બાળકો માટે વેક્સિન આવી શકે છે



રિપોર્ટ-રાકેશ ક્ષત્રિય-અમદાવાદ

કમ્લમ દૈનિક,

ભારતમાં સપ્ટેમ્બર સુધીમાં બાળકોનું વેક્સિનેશન શરૂ થવાની સંભાવનાઓ છે. છૈંસ્જીના પ્રમુખ ડૉ રણદીપ ગુલેરિયાએ આજે સવારે આ વિશે જાણકારી આપતાં જણાવ્યું હતું કે આ કોરોનાના સંક્રમણની ચેઈન તોડવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું બની રહેશે. બાળકો માટે ભારત બાયોટેકની કોવેક્સિનનાં પરીક્ષણો ચાલી રહ્યાં છે અને એનાં પરિણામો સપ્ટેમ્બર સુધી આવે તેવી આશા છે. આ પહેલાં હ્લડ્ઢછએફાઈઝર વેક્સિનને મંજૂરી આપી દીધી છે. આશા છે કે સપ્ટેમ્બર સુધી આપણે બાળકોનું રસીકરણ શરૂ કરી શકીએ. ઝાયડસ કેડિલાએ ૧૨થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકો માટે પોતાની વેક્સિનનું પરીક્ષણ પૂરું કર્યું છે. અમદાવાદમાં આવેલી દવાની કંપનીએ ઢઅર્ઝ્‌દ-ઢ માટે ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી માગી હતી. જોકે સૂત્રો અનુસાર, દેશના ઔષધી નિયંત્રક જનરલ (ઢઝ્રૈં) દ્વારા તેના ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી માટે કેટલાક દિવસ હજી લાગી શકે છે. આ કોરોના વાઈરસ સામે એક પ્લાસ્મિડ ડી.એન.એવેક્સિન છે અને એના ત્રણ ડોઝ લગાવવામાં આવશે. ભારતે અત્યારસુધી ૪૨ કરોડથી વધારે ડોઝ આપી દીધા છે અને સરકારનું લક્ષ્ય છે કે વર્ષના અંત સુધી દરેક યુવા વર્ગને વેક્સિનેશન થઈ જાય. દેશમાં હાલ ત્રીજી લહેરનો ભય છે જયારે આ લહેરમાં બાળકો સૌથી વધુ સંક્રમિત થાય તેવી પણ સંભાવનાઓ છે અને એ માટે બાળકોનું વેક્સિનેશન કરાવવુંસરકાર માટે ફરજિયાત બન્યું છે. ઘણા રિસર્ચમાં સામે આવ્યું છે કે ત્રીજી લહેરમાં બાળકો વધુ સંક્રમિત થશે.



કમ્લમ દૈનિક,

ગુજરાત માં પ્રખ્યાત માધવ ગ્રુપ દ્વારા માધવ એજયુકેશન કેમ્પસ,વસ્ત્રાલ,અમદાવાદ ખાતે ગુરુઓની પૂજા અર્ચના કરી ધૂમધામ થી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવ્યું. ગુરુપૂર્ણિમાના આ પાવન પર્વ પર ગુરુઓ માટે જમણવાર ની વ્યવસ્થા પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે માધવ ગ્રૂપના ટ્રસ્ટી એવા મોતીભાઈ પ્રજાપતિ, ભગવાનભાઈ પ્રજાપતિ અને કાંતિભાઈ પ્રજાપતિતેમજ સમગ્ર પ્રજાપતિ પરિવાર ઉપસ્થિત રહયુ હતું, શિક્ષણ તેમજ સમાજકાર્ય માટે જાણીતા મોતીભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે મારા શિક્ષકો અમારા માટે એમ્પ્લોઈ નહીં,પણ અમારું પરિવાર છે.અને અમે ફકત ગુરુપૂર્ણિમા જ નહીં પણ દરેક પર્વ પરિવાર ની જેમ હળીમળીને ઉજવીયે છીએ.હું એવા બધાજ ગુરુઓને નમન કરું છું જેમણે સમાજ અને દેશ ના વિકાસ માટે પોતાનું સર્વોચ્ચ અર્પણ કર્યું છે.

## યાત્રાધામ શામળાજીમા ગુરૂ પૂર્ણિમાએ દર્શન માટે ભક્તો ઉમટયા : દીવ-દમણના એડમીનીસ્ટ્રેટર પ્રફુલ પટેલે કાળીયા ઠાકોર સામે શીશ ઝુકાવ્યું

કમ્લમ દૈનિક, અરવલ્લી

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ગુરૂ પૂર્ણિમાએ ભક્તોનો ઘોડાપુર ઉમટ્યું હતું વહેલી સવાર થી જ ભગવાન શામળિયાના દર્શન કરવા ભક્તો ઉમટ્યા હતા મંદીર ટ્રસ્ટ તરફથી સરકારી ગાઈડલાઈન અનુસાર દર્શનાર્થીઓદર્શનનો લાભલે તેની તકેદારી રાખી હતી ભક્તોએ ગુરૂ પૂર્ણિમા દિવસે કાળીયા ઠાકોરના દર્શન કરી ધન્ય બન્યા હતા.જોકે મંદિરના ગેટ સુધી શ્રધ્ધાળુઓની લાંબી લાઈનો લાગી હતી અને કોરાનાની મહામારીમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાયુ ન હતું. દીવ-દમણના એડમીનીસ્ટ્રેટર અને પૂર્વ ગૃહમંત્રી પ્રફુલપટેલ ગુરુપૂર્ણિમાએ ભગવાન શામળિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી પ્રફુલ પટેલ છેલ્લા ૩૭ વર્ષથીપૂનમે શામળાજી મંદીરમાં બિરાજતાં કાળીયા ઠાકોરના દર્શન કરવા અચૂક આવે છે આજે અષાઢ સુદ પૂનમ એટલે ગુરૃ પૂર્ણિમા આજના દિવસે દરેક ભક્તો સદગુરૃના ચારણોમાં શિષ નમાવી અને આર્શીવાદ લેતા હોય છે.ત્યારે યાત્રાધામ શામળાજી મંદિરમાં પણ ગુરૃ પૂર્ણિમા પર્વ ઉજવાયું હતું.

વહેલી સવારથી ભક્તો શામળાજી મંદિરે દર્શન માટે ઉમટી પડયા હતા. શામળાજી મંદિર ટ્રસ્ટીઓ દ્વારા ભક્તોને દર્શનમાં કોઈ તકલીફ ન પડે તેમ વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે ગુરૃ પૂર્ણિમા નિમિત્તે ભગવાન શામળીયાનો અભિષેક કરી સોળ ઉપચાર વડે પૂજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ પણ ભગવાન શામળીયા ને પોતાના ગુરૃ માની સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી સામે સર્વેનું રક્ષણ કરે અને તમામ ભક્તો ની ઉત્તરોઉત્તર પ્રગતિ થાય તેવી પ્રાર્થના કરી ધન્ય બન્યા હતા.આમ આજે ગુરૃ પૂર્ણિમાની ઉજવણી કરી ભક્તોએ કાળીયા ઠાકોરના દર્શન કર્યા હતા.



## ચંદ્રશેખર આઝાદ ના જન્મ દિવસ નિમિત્તે ક્રાંતિકારી સેના અને કર્તવ્ય જીવદયા ટ્રસ્ટ દ્વારા મોરબી માં આઝાદ પાર્ક ખુલ્લો મુકવામાં આવ્યો હતો







રીપોર્ટ - મહેશ ડી સિંધવ-મોરબી

કમ્લમ દૈનિક,

સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ વખત મોરબી શહેરમાં મહાન ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની યાદ માં આઝાદ પાર્કનું નિર્માણ કરવામાં આવેલ છે. આ પાર્ક બનવાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો માં ક્રાંતિકારી વિચાર આવે, દેશ પ્રત્યે પ્રેમ જાગૃત થાય તે માટે બનાવવામાં આવેલ છે, સાથે આ પાર્ક ની વિશેષતા ચંદ્રશેખર આઝાદ ના ચિત્રો, સ્વચ્છતા ના ચિત્રો, દેશભક્તિ ના ચિત્રો, વૃક્ષો વાવો ના સંદેશ,હિંચકાઓ, લપસીયાઓ, અને સાથે સાથે પશુઓ અને પક્ષીઓ પ્રત્યે પ્રેમ જગાડતુ જીવદયા કેન્દ્ર તો ખરું તો આ પાર્ક ને ચંદ્રશેખર આઝાદ ના જન્મ દિવસ નિમિત્તે ક્રાંતિકારી સેના અને કર્તવ્ય જીવદયા ટ્રસ્ટ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં ખાસ કરી ચંદ્રશેખર આઝાદ ના પૌત્ર અમિત આઝાદ સાથે વિડિયો કોલ માં વાત કરી અને અમિત આઝાદ સાહેબે ક્રાંતિકારી સેના ને શુભેચ્છાઓ પાઠવી અને આવાં કર્યો કરી આગળ વધવાની પ્રેરણા આપી.

## લેખિકા સુનિતા વ્યાસ નું પુસ્તક "પ્રેમ નું તત્વ" પ્રકાશિત થયું




કમ્લમ દૈનિક,


અમદાવાદમાં નિવાસ ધરાવતા અને સિધધપુર ખાતે જન્મેલા મહિલા લેખિકા સુનિતા ડી વ્યાસ નું પુસ્તક "પ્રેમ નું તત્વ " તાજેતર માં પ્રકાશિત થયું છે. આ પુસ્તક માં પ્રેમ એટલે શું?, પ્રેમ પામવાના ટૂંકા માર્ગ કયા કયા, મૌન પ્રેમની ભાષા એટલે શું, પ્રેમ ને ભક્તિ કેવી રીતે બનાવાય, પ્રેમ નો ધર્મ, ધ્યાન અને સેક્સ સાથે શું સંબંધ છે, સેક્સ નો અનહદ આંનદ કેવી રીતે મેળવી શકાય, પ્રેમ અને ધ્યાન દ્વારા પરમાત્મા ની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે, પ્રેમ મય સમાજ નિર્માણ અને વિશ્વ શાંતિ ની સ્થાપના કેવી રીતે થઈ શકે, વિગેરે ની ખૂબ સરસ માહિતી આ પુસ્તક માં આપી છે.લેખિકા ને ગાંધીનગર ના હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, સામાજિક કાર્યકર, અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ના શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. પ્રેમ નું તત્વ- પુસ્તક મેળવવા માટે મોબાઈલ નંબર - ૯૪૨૯૯૫૫૮૧૭ પર સંપર્ક સાધવાનો રહેશે. લેખિકા સુનિતા વ્યાસ કવિયિત્રી, કોલ્મીષ?ઠ અને સોશિયલ એક્ટિ વિષ્ટ છે. તેઓને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સ્ટાર માં ૨૦૨૦ માં સ્થાન મળ્યું છે. તેઓકવિતા ગીત ગઝલ અને નિબંધ લખવાનો શોખ ધરાવે છે. તેઓએ હિન્દી ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ એ બી એડ થયેલા છે. કમ્પ્યુટર સોફટવેર માં પરફોર્મિંગ આર્ટસની ડીગ્રી ધરાવે છે. તેઓની ગઝલો ને આંતરરાષ્ટ્રીય ગઝલ બુક માં સ્થાન મળ્યું છે. તેઓ પ્રકૃતિ પ્રેમીછે. તેઓને સમસ્ત ગુજરાતબ્રહ્મ સમાજતરફથી "બ્રાહ્મણ ગૌરવ એવાર્ડ- ૨૦૨૦, ગુર્જર કાવ્ય રત્ન સન્માન, સ્નેહ શ્રીનિધિ સમ્માન, તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા હરિવંશ રાય બચ્ચન સન્માન પ્રાપ્ત થયેલ છે. તેઓને અનેક સન્માન પ્રાપ્ત થયા છે. અનેક સિધ્ધિ ઓ સુનિતા વ્યાસ દ્વારા હાંસલ કરવામાં આવી છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન

## પદ્મશ્રી નામાંકિત વૈજ્ઞાનિકને કેન્સર સંશોધન અર્થે સહ ભાગી બનતી તત્વ ઈજનેરી કોલેજ



કમ્લમ દૈનિક, અરવલ્લી

આજના સમયમાં જ્યારે વિશ્વ કેન્સર ની બીમારી સામે ઝઝૂમી રહ્યું છે અને તેની સારવાર ના સંશોધન માટે લાખો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લાની તત્વ કોલેજ પણ આમાં સહભાગી બની છે. અરવલ્લી જિલ્લાની પનોતી પુત્રી એવી "ત્વિષા ચૌધરી"જેને હાલમાં પદ્મશ્રી માટે નામાંકિત કરવામાં આવી છે અને જે હાલમાં કેન્સર માટે સંશોધન કરી રહી છે. તેના આ કામમાં પ્રેરક બળ પુરુ પાડવા અને મદદરૂપ થવા માટે તત્વ ઈજનેરી કોલેજ, મોડાસા સહભાગી થઈ છે. અને સંશોધન કરવા માટે લેબોરેટરી તથા જરૂરી એવા કેમિકલ્સ પૂરા પાડી તેનો ઉત્સાહ વધાર્યો છે. ત્વિષા ચૌધરી- જે મેઘરજ તાલુકાના ગોઢા ગામની વતની છે અને તેણી એ ઈસરોની આઈ.એસ.ઓ જેવી પરીક્ષા પાસ કરેલ છે. તથા ઈસરોના માર્ષ(મંગળ) પ્રોજેક્ટમાં પણ કામ કરીચૂકેલ છે. હાલ કેન્સર માટે નવા પ્રકારની દવા બનાવવા પ્રયાસ કરી રહી છે જેમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ નો ઉપયોગ કરી ઈલાજ કરવામાં આવશે. આ સંશોધન ના પ્રયાસમાં ત્વિષા ચૌધરી સફળ થાય અને વિશ્વના કેન્સરના દર્દીઓને તેનો લાભ મળે એવી તત્વ ઈજનેરી કોલેજ, મોડાસાના કેમ્પસ ડાયરેકટર જયદત્તસિંહ પુવારતથા પ્રિન્સિપાલ ડોકટર કિરણ દરજી એ શુભેચ્છા આપી હતી.





કમ્લમ દૈનિક,

ગુરુપુર્ણિમા નિમિત્તે સેક્ટર-૧ ખાતે નેચર ફર્સ્ટ, એન.પી. પટેલ સાહેબ કુમારભાઈ લીમાણીના દ્વારા માનનીય દિલિપભાઈ સંઘાણીના ઘર આંગણે વૃક્ષારોપણનું આયોજન કરાયું. આ કાર્યક્રમમાં માનનીય શ્રી દિલીપભાઈ સંઘાણી, યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંતભાઈ કોરાટ , ઉપપ્રમુખ મનીષાભાઈ સંઘાણી, ગાંધીનગર મહાનગરની ભાજપા ટીમ - યુવા મોરચો તથા કિસાન મોરચો, વોર્ડ નં-૧૦ના પ્રમુખ મનીષભાઈ પટેલ તથા વોર્ડના ઉમેદવાર તથા મહાનગર ભાજપાના પૂર્વ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ (દાસ) ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત સેક્ટર-૧ના કમલેશભાઈ રહેવર, નરેશભાઈ રહેવર, મનોજભાઈ પટેલ, યોગેશભાઈ અને મેહુલ પણ ઉપસ્થિત રહ્યા.

